Extra No. 35

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LXI ] TUESDAY, FEBRUARY 4, 2020 / MAGHA 15, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૨૦૨૦.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શિક્ષણ વિભાગ**ના **તારીખઃ ૨૧મી સપ્ટેબર, ૨૦૧૯** ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીએચ/એસએચ/૮૩/પીઆરઈ/૧૨૨૦૧૯/ સિંગલ ફાઈલ-૫-કે.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**Amendment to the Right of Children to Free and Compulsory Education Rules, 2012.**

**બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ સુધારવા સંબંધી**

**જાહેરનામું.**

**શિક્ષણ વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૯.

**બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯.**

**ક્રમાંકઃ જીએચ/એસએચ/૮૩/પીઆરઈ/૧૨૨૦૧૯/સિંગલ ફાઈલ-૫-કે:-** બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯ના ૩૫-મા)ની કલમ ૩૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.

૧. (૧) આ નિયમો બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર (દ્વિતિય સુધારા) નિયમો, ૨૦૧૯ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨-માં, નિયમ ૨૪માં, ખંડ (જ) પછી, નીચેના ખંડો ઉમેરવા :-

"(ઝ) દરેક શૈક્ષણિક વર્ષના અંતે પાંચમા વર્ગમાં અને આઠમા વર્ગમાં વાર્ષિક પરીક્ષા હોવી જોઈશે, કે જે શૈક્ષણિક વર્ષ દરમિયાન શાળામાં યોજવામાં આવતી બીજી પરીક્ષાઓના ભાગરૂપે યોજવી જોઈશે.

(ટ) બાળક ખંડ (ઝ)માં ઉલ્લેખેલી વાર્ષિક પરીક્ષામાં નાપાસ થાય છે તો, તેને વધારાની સૂચનાઓ આપવી જોઈશે અને આવી વાર્ષિક પરીક્ષાના પરિણામની જાહેરાતની તારીખથી બે મહિનાની મુદતની અંદર ફરીથી પરીક્ષા આપવા માટેની તક આપવી જોઈશે.

(ઠ) બાળક ખંડ (ટ)માં નિર્દિષ્ટ કર્યા મુજબ ફરીથી લેવાયેલી પરીક્ષામાં નાપાસ થાય તો, શાળાએ તે બાળકને પાંચમા વર્ગમાં અથવા યથાપ્રસંગ, આઠમા વર્ગમાં અટકાવી રાખવો જોઈશે. આવી રીતે અટકાવી રાખવામાં આવેલ બાળક, બીજી શાળામાં પ્રવેશની માગ કરે, તો તેની વયને લક્ષમાં લીધા વગર તેને પહેલા જેમાં અટકાવી રાખવામાં આવ્યો હોય તે જ ધોરણમાં તેની નોંધણી કરવી જોઈશે.

(ડ) પ્રાથમિક શાળામાં નોંધણી પામેલ કોઈ બાળક, ખંડ (ઠ)માં જણાવેલી જોગવાઈ માટે હોય તે સિવાય, પાયાનું પ્રારંભિક શિક્ષણ પૂર્ણ ન કરે ત્યાં સુધી તેને અટકાવવો જોઈશે નહિ.

(ઢ) પ્રાથમિક શાળામાં પ્રવેશ પામેલ કોઈપણ બાળકને, તે પ્રારંભિક શિક્ષણ પૂર્ણ ન કરે ત્યાં સુધી આવી શાળામાંથી કાઢી મૂકવા જોઈશે નહિ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**વી.ટી.મંડોરા,**

સરકારના સંયુક્ત સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.